# :: પ્રેસ નોટ ::

સચિવશ્રી, રાજ્ય ચુંટણી આયોગના આદેશક્રમાંક : રાચઆ-ચટણ-મનપા-મતય૧(૪)-૦૬૨૦૨૩- ક તા. ૩૦/૦૬/૨૦૨૩ થી જણાવ્યા મુજબ, મુંબઇ પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ- ૧૫ મુજબ બેઠક ખાલી પડ્યા તારીખ છ માસમાં પેટા ચુંટણી યોજવાની થાય છે. રાજ્ય વિધાનસભા મતદાર વિભાગોની તારીખ ૦૧/૦૪/૨૦૨૩ ની લાયકાતની તારીખની સ્થિતિની આખરી પ્રસિદ્ધિ થયેલ મતદારયાદી પરથી મુંબઇ પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ - ૮ તથા મુંબઇ પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) (ત્રીજો સુધારો) નિયમ-૨૦૧૫ થી નિયમ ૪ થી ૭ અને મુંબઇ પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) (સુધારો) નિયમ-૨૦૧૬ના નિયમ-૪ અને ગુજરાત પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) (સુધારો) નિયમ-૨૦૨૦ ની જોગવાઇ અનુસાર સુરત મહાનગરપાલિકાના ઇલેકશન વોર્ડ નં ૨૦ (ખટોદરા - મજુરા - સગરામપુરા)ની પેટા ચુંટણી સને- ૨૦૨૩ ની ફોટાવાળી મતદારયાદી વોર્ડના વિસ્તારની વોર્ડવાર/વિભાગવાર છાપેલી ફોટાવાળી મતદારયાદી તા.૦૩-૦૭-૨૦૨૩ના રોજ લાગત ઝોન/વોર્ડ ઓફિસ ખાતે પ્રસિદ્ધ કરવામાં આવી છે.

તા.૦૩/૦૭/૨૦૨૩ના રોજ સુરત મહાનગરપાલિકાના ઇલેકશન વોર્ડ નંબર-૨૦ (ખટોદરા-મજુરા-સગરામપુરા)ની પ્રાથમિક મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ જેમાં વોર્ડ વિસ્તારના કુલ ૧૧૪૭૯૬ મતદારો હતા. ત્યારબાદ તા.૦૩/૦૭/૨૦૨૩ના રોજ વિધાનસભાની પુરવણી-૧થી વધારાની મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ઇલેકશન વોર્ડ નંબર-૨૦ (ખટોદરા-મજુરા-સગરામપુરા)ના મતદારોમાં કમી થયેલ - ૨૩૨ મતદારો મળી મતદારયાદી પ્રસિદ્ધિના મતદારો ૧૧૪૫૬૪ થાયછે.

વધુમાં, મતદારો પોતાનું નામ કયા વોર્ડ/ભાગ/ક્રમાંક ઉપર છે તેની વિગત તેઓના નામ અથવા એપિક નંબરના આધારે મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તેમજ ઝોન/વોર્ડ કચેરીએ ઉપલબ્ધ મતદારયાદીની ચકાસણી કરી જોઈ શકશે.

વધુમાં ઉપરોક્ત પ્રસિદ્ધ થયેલ પ્રાથમિક મતદારયાદી અન્વયે જે વ્યક્તિનું નામ લાગત વિધાનસભા મતદાર વિભાગમાં મતદાર તરીકે નોંધાયેલ હોય, પરંતુ તે વ્યક્તિનું નામ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇલેકશન વોર્ડ નંબર ૨૦ (ખટોદરા-મજુરા-સગરામપુરા)ની પેટા ચૂંટણીની યાદીમાં સમાવિષ્ટ કરવાના રહી ગયેલ હોયતો તેવી વ્યક્તિએ જરૂરી પુરાવા સાથે લાગત ઝોનના મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને આસી.મ્યુનિ.કમિશ્નરશ્રીને તા.૦૭/૦૭/૨૦૨૩ ના રોજ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધીમાં નિયત નમૂનામાં અરજી કરવાની રહે છે.

Press note-142, Dt.-02/07/2023